માહિતી ઉમેરવી
અમને યુકેનું પારિવારિક જીવન વધુ સારી રીતે સમજવામાં મદદરૂપ થાઓ

તમારા સામાન્ય રેકોર્ડ્સમાંથી માહિતી ઉમેરવી

સરકારી વિભાગો અને એજન્સીઓ (જેમ કે NHS) આપણા બધાના વિશે રેકોર્ડ્સ રાખે જ છે. આ તેમની સેવાઓનું આયોજન કરવા અને તેમને પૂરી પાડવાની રીત છે. તમારી પરવાનગી સાથે, અમે તમારા અને તમારા બાળક વિશેની નીચેની માહિતી તમારા અભ્યાસ જવાબોમાં ઉમેરવા ઇચ્છીશું:

- **આરોગ્ય સંબંધી રેકોર્ડ્સ:** જેમ કે હોસ્પિટલ અને GPની મુલાકાતો, પ્રિસ્ક્રિપ્શન, આરોગ્ય સંબંધી સ્થિતિઓ અને મૃત્યુ દર સંબંધી ડેટા.
- **શૈક્ષણિક રેકોર્ડ્સ:** જેમ કે પરીક્ષાના પરિણામો, સ્કૂલ અથવા કૉલેજમાં હાજરી, વિશેષ શિક્ષણ સંબંધી જરૂરિયાતો અને બાળ સંભાળનો ઉપયોગ.
- **સામાજિક સંભાળ રેકોર્ડ્સ:** જેમ કે સોશિયલ સર્વિસિસના અનુભવો, સોશિયલ વર્કર્સ અને સામાજિક સંભાળ.

માહિતી ઉમેરવા વિશે એક ટૂંકો વીડિયો જોવા માટે અહીં સ્કૅન કરો:

ઇંગ્લેન્ડમાં શૈક્ષિક રેકોર્ડ્સનો ઉપયોગ કરતા રીસર્ચે દર્શાવ્યું કે ઉનાળામાં જન્મેલા બાળકોને તેમના વર્ગના મોટા બાળકોની સરખામણીએ ગેરફાયદો થઇ શકે છે. આ નિષ્કર્ષોના પરિણામે ઇંગ્લેન્ડમાં સ્કૂલમાં પ્રવેશ સંબંધી નીતિમાં એક ફેરફાર થયો - બાળકો હવે ચાર વર્ષની ઉંમરના બદલે પાંચ વર્ષની ઉંમરે સ્કૂલ શરૂ કરી શકે છે. વેલ્સ, સ્કૉટલેન્ડ અને નોર્ધર્ન આયર્લૅન્ડમાં પહેલેથી જ આને મળતી નીતિઓ છે.

અમે આ શા માટે કરવા માંગીએ છીએ?

સામાન્ય રેકોર્ડ્સમાંથી માહિતી ઉમેરવાથી માહિતી પૂર્ણ થશે અને પરિવારો સેવાઓનો કેવી રીતે ઉપયોગ કરે છે, તેવી વધારાની વિગતો પ્રદાન કરવામાં આવે છે - જેથી સંશોધનકર્તાઓને તમારા જીવનનું વધુ પૂર્ણ ચિત્ર મળે. એનો અર્થ એ પણ થાય કે અમારે તમારા ઇન્ટરવ્યૂમાં એટલા બધા પ્રશ્નો ન પૂછવા પડે.

આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સંભાળમાંથી રેકોર્ડ્સને તમારી સર્વેમાંની માહિતી સાથે ભેગા કરીને સંશોધનકર્તાઓ આવી વસ્તુઓને જોઇ શકે:

- ઘરનું જીવન અને બાળ સંભાળ બાળકો સ્કૂલ માટે કેટલા તૈયાર છે એને કેવી રીતે અસર કરે છે?

24-030189/M-F1 (Gujarati)

- નાના બાળકો અને તેમના પરિવારો માટે તેમના માટે જરૂરી આરોગ્ય સંભાળ અને બીજી સહાય મેળવવાનું શેના લીધે મુશ્કેલ થઈ શકે છે?
- અમે જે માતા-પિતા સંભાળમાં મોટા થયાં અને જે પરિવારો બાળકોની સેવાઓ પાસેથી મદદ મેળવી રહ્યા છે તેમને વધુ સારી રીતે સહાય કેવી રીતે કરી શકીએ?

શું તમે જાણો છો: વંચિત કિશોરોને માનસિક આરોગ્ય સહાય ન મળતી હોય એવું બની શકે છે. સંશોધનકર્તાઓને આ યુવાનોએ તેમના માનસિક આરોગ્ય બાબતે શું કહ્યું છે તેની NHS ના રેકોર્ડ્સ સાથે સરખામણી કરીને જાણવા મળ્યું છે.

સામાન્ય રેકોર્ડ્સમાંથી માહિતીઉમેરવા વિશેનો નિર્ણય કોણ લે છે?

બધા રેકોર્ડ્સમાંથી માહિતી ઉમેરવી, કેટલાક રેકોર્ડ્સમાંથી ઉમેરવી કે આમાંથી કોઈ રેકોર્ડ્સમાંથી માહિતી ન ઉમેરવી, એ પસંદગી તમારી છે. અમે આ ફક્ત તમારી પરવાનગી સાથે જ કરીશું. તમે જે પણ નક્કી કરો તે છતાં તમે હજુ અભ્યાસમાં ભાગ લઈ શકો છો અને કોઈ પણ સમયે તમારો વિચાર બદલી શકો છો.

તમારી પરવાનગી ક્યારે પૂરી થાય છે?

અમે તમારી અને તમારા બાળકની ભૂતકાળની, હાલની અને ભવિષ્યની પરિસ્થિતિઓ વિશેના રેકોર્ડ્સ ઉમેરીશું. તમે અમને બંધ કરવાનું ન કહો ત્યાં સુધી અમે આ કરવાનું ચાલુ રાખીશું, જેમાં જો તમે ભવિષ્યના ઇન્ટરવ્યુઝમાં ભાગ ન લેવાનું નક્કી કરો અથવા અમારાથી તમારો સંપર્ક છૂટી જાય તો નો સમાવેશ થાય છે.
ફક્ત લાંબો ઇન્ટરવ્યૂ કરી રહેલા માતા-પિતાને તમારા બાળકના રેકોર્ડ્સને લિંક કરવા વિશે પૂછવામાં આવશે, તેથી તમે આની ચર્ચા તમારા બાળકના બીજા માતા-પિતા સાથે કરવા ઇચ્છી શકો. તમારા બાળક માટેની પરવાગની 14 વર્ષની ઉંમર સુધીના આરોગ્ય સંબંધી રેકોર્ડ્સ અને 16 વર્ષની ઉંમર સુધીના શૈક્ષણિક રેકોર્ડ્સને આવરી લે છે. ઇંગ્લેન્ડ, વેલ્સ અને સ્કૉટલેન્ડમાં સામાજિક સંભાળ વિશેના રેકોર્ડ્સની પરવાનગી 16 વર્ષની ઉંમર સુધી છે અને નોર્ધર્ન આયર્લેન્ડમાં તે 14 વર્ષની ઉંમર સુધી છે. તમારું બાળક મોટું થાય પછી તેઓ જાતે પોતાના વિશે નિર્ણય લઈ શકે છે.

તમે ક્યાં રહો છો તેની માહિતી

અમે તમારા સ્થાનિક વિસ્તાર અને ઘર વિશેની માહિતી જેમ કે વાયુ પ્રદૂષણ, હરિત જગ્યાઓ, નજીકની સેવાઓ અને ઘરની ઊર્જા કાર્યક્ષમતા ઉમેરવાની પણ યોજના ધરાવીએ છીએ. આનાથી સંશોધનકર્તાઓને સમજવામાં મદદ મળે છે કે પર્યાવરણ તમારા શિશુના આરોગ્ય અને વિકાસને કેવી રીતે આકાર આપે છે. આમાંની ઘણી બધી માહિતી સાર્વજનિક રીતે ઉપલબ્ધ છે અને તમારા વિશેની વ્યક્તિગત સ્તરની માહિતી નથી, તેથી એ ઉમેરવા માટે અમે તમારી પરવાનગી માંગતા નથી. અમે આ અભ્યાસમાં ભાગ લેતા બધાં લોકો માટે કરવાની યોજના

ધરાવીએ છીએ. જો કે તમે આ પુસ્તિકાની પાછળ આપેલ વિગતોનો ઉપયોગ કરીને ઑપ્ટ આઉટ કરી શકો છો.

તમારી ગોપનીયતા મહત્ત્વની છે

માહિતી ઉમેરવાનું કાર્ય **સુરક્ષિત અને ખાનગી રીતે** કરવામાં આવે છે. માત્ર સીમિત અંગત વિગતો જેમકે તમારું નામ અને સરનામું તમારી સાથે સાચી માહિતીને મેચ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ ભરોસાપાત્ર સંસ્થાઓ દ્વારા અને વિશેષજ્ઞ સંશોધકર્તાઓ દ્વારા સુરક્ષિત પરિવેશોમાં કરવામાં આવે છે. સંયુક્ત ડેટા (તમારા અભ્યાસના પ્રતિભાવો અને વધારાની માહિતી) જેનો સંશોધન માટે ઉપયોગ કરવામાં આવે છે **, તેમાં તમારી ઓળખ કરતી કોઈ અંગત વિગતોનો ક્યારેય સમાવેશ થતો નથી.** સંયુક્ત સંશોધન ડેટા યુકે ડેટા સર્વિસ (UK Data Service), યુકે લોન્જિટ્યુડિનલ લિંકેજ કોલાબરેશન (UK Longitudinal Linkage Collaboration) અને તેના જેવી અન્ય સેવાઓમાંથી સંશોધનકર્તાઓને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. gnestudy.info/privacy પર વધુ વાંચો.
તમારી અભ્યાસ સંબંધી માહિતી તમે અથવા તમારા શિશુ જેનો ઉપયોગ કરતા અથવા મેળવતા હો તેવી સેવાઓ અથવા લાભો પૂરા પાડતી સંસ્થાઓથી સંપૂર્ણપણે ખાનગી રહે છે.

પ્રશ્ન છે?

- gnestudy.info/adding-information ની મુલાકાત લો
- તમારા ઇન્ટરવ્યુઅને તમને હોય તેવા કોઈપણ પ્રશ્નનો જવાબ આપીને ખુશી થશે, અથવા તમે અભ્યાસ ટીમનો સંપર્ક કરી શકો છો: 0800 151 0610 પર અથવા ઈમેલ gnestudy@ipsos.com પર